ખેડૂત ભાઇઓ માટે કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ (આઉટ સોર્સીંગ) યોજનાને વર્ષ: ૨૦૧૩-૧૪ માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : તલમ-૧૦૨૦૧૩-૫૫-ક-૭
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૭ /૦૫/૨૦૧૩

વંચાણે લીધા:-

(૧) ખેતી નિયામકશ્રીની કચેરીનો તા:૨૨/૦૩/૨૦૧૩નો પત્ર ક્ર- વિતામુ/ટે.૧૪/ બજેટ/સને- ૧૩-૧૪/૨૫૩૨-૩૩/૨૦૧૩

ઠરાવ:

વધુ પેદાશી જાતો અંગે ખેડુતોને તાલીમ અને શિક્ષણ કાર્યક્રમની યોજના હેઠળ કૃષિ વિસ્તરણના ભાગરૂપે કૃષિ અને કૃષિ સંલગ્ન વિષયોની આધુનિક પધ્ધતીથી તાલીમ આપવાનું વિચારવામાં આવેલ છે. કૃષિમાં ભાઇઓને આધુનિક/વૈજ્ઞાનિક પધ્ધતિઓનો ઉપયોગ કરી ખેત ઉત્પાદન વધારવા માટે તાલીમ આપવા માટે વર્ષ ૨૦૧૩-૧૪માં નવી બાબત તરીકે આઉટ સોર્સીંગ દ્વારા પુરૂષ ખેડૂતો માટે કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ યોજનાની રૂ. ૫,૩૭,૨૦,000.00 (અંકે રૂ. પાંચ કરોડ સાડત્રીસ લાખ વીસ હજાર પુરા) ની બજેટ જોગવાઇ વર્ષ ૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે કરવામાં આવેલ છે. તેને વહીવટી મંજુરી આપવા ખેતી નિયામકના વંચાણે લીધેલ ક્રમાંક -૧ થી મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણા બાદ આઉટ સોર્સીંગ દ્વારા ખેડૂત ભાઇઓ માટે કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત સને ૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં નવી બાબતથી થયેલ કુલ રૂ. ૫,૩૭,૨૦,000.00 (અંકે રૂ. પાંચ કરોડ સાડત્રીસ લાખ વીસ હજાર પુરા) ની જોગવાઇને નીચેની શરતોને આધિક રહીને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

21 MAY 2013